Sandesh (Suppl.:Citylife)

EDII

February 24, 2019
Pg.1

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીનાં કેમ્પસમાં EDII દ્વારા 'ઉદ્યોગસાહસિક મેનેજમેન્ટ' કાર્યક્રમ યોજવામાં આવ્યો

# અફઘાનિસ્તાન ગવર્નમેન્ટે SSIUને ઉદ્યોગસાહસિકતા ડેવલપમેન્ટમાં સહયોગનું આમંત્રણ આપ્યું

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીનાં કેમ્પસમાં EDII દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય તાલીમ કાર્યક્રમ 'ઉદ્યોગસાહસિક મેનેજમેન્ટ'નાં ભાગરૂપે ૧૮ સભ્યોનાં પ્રતિનિધિમંડળ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. જેમાં અફઘાનિસ્તાન, ઈજિપ્ત, ઈથોપિયા, ગિની, કેન્યા, મોંગોલિયા અને ઝિમ્બાબ્વેનાં ઉદ્યોગસાહસિક મેનેજમેન્ટ ક્ષેત્રનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. જેમની સાથે યુનિવર્સિટીનાં ઉપ કુલપતિ ડૉ. બાલા ભાસ્કરને દરેક ડેલિગેશન્સ સાથે પોતાના દેશમાં ઉદ્યોગસાહસિકતાને લગતા પ્રશ્નો વિષે ચર્ચા કરી હતી. તેમજ આવનાર સમયમાં સ્ટુડન્ટ એક્સ્ચેન્જ પ્રોગ્રામનાં એમઓયુ કરવા અંગે પણ વિચારણ કરી હતી. આ મીટમાં અફઘાનિસ્તાનનાં શ્રમ અને સામાજિક વિભાગનાં પ્રતિનિધિઓ પણ હાજર રહ્યાં હતા જેમણે અફઘાનિસ્તાન સરકાર સાથે ઉદ્યોગસાહસિકતા ડેવલપમેન્ટ માટે સહયોગ કરવા આમંત્રણ આપ્યું હતું. આ મીટનાં ગ્લોબલ મેનેજમેન્ટ ટીમનાં અધ્યક્ષ શ્રીમતી કૃતિ ઠક્કર અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટનાં ફેકલ્ટી ડૉ. નિવેદિતા દ્વિવેદીએ બધા સભ્યોને યુનિવર્સિટીનાં ઈન્ક્યુબેશન સેન્ટર અને એપલ લેબની મુલાકાત કરાવી હતી.